# ધી ઓપન પેજ

Happy Janmashtami

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

MONTHLY NEWS PAPER

RNI NO. GUJGUJ/2015/64872


AHMEDABAD, TUESDAY, AUGUST 20, 2019 | VOL.NO-4, ISSUE NO-11 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE - 8 | INVITATION PRICE: ₹20/-


## આ અંકમાં શું વાંચશો?



### મિત્રને બચાવવા વૈભવ મોતના મુખમાં જવા માટે તૈયાર હતો

રવિવારનો દિવસ હતો. આજે સ્કુલમાં રજા એટલે મજા કરવાનો દિવસ. નવ વર્ષનો વૈભવ સવારની ચા પીને ટી. વી સામે બેઠો હતો. એના પપ્પા રામેશ્વરજી વરંડામાં હિંચકા પર બેસીને છાપુ વાંચી રહ્યાં હતા. પેજ ૩



### લાલચું ચકલી

ઘણા સમય પહેલાંની વાત છે. એક ચકલી એવા રાજમાર્ગે રહેતી હતી જ્યાંથી અનાજથી ભરેલી ગાડીઓ પસાર થતી. ચોખા, મગ, તુવેરના દાણા જ્યાં ત્યાં વિખરેલા રહેતા હતા. પેજ ૪-૫



### પૌરાણીક કાળમાં જુનાગઢ ગુજરાતની રાજકીય રાજધાની હતી

જુનાગઢનો જ્યારે પણ ઇતિહાસમાં સરખામણી થાય છે ત્યારે તેને આપણે આઝાદી બાદના સમય સાથે જોડીને સરખામણી કરીએ છીએ. પેજ ૬




### હું દરેકના શરીરમાં વસું છું, જેને પોતાના પર વિશ્વાસ નથી...

શ્રાવણ મહિનાની આઠમે સમગ્ર વિશ્વમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવે છે. શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન જ લોકોને પ્રેરણા આપનારું છે. પેજ ૮

# હું ક્યારેય નિષ્ફળ નહોતો ગયો, પરંતુ મેં ૧૦ હજાર એવા રસ્તાઓ શોધ્યા જે મારા કોઇ કામના ન હતા




**કુલગુરૂ**

સફળતાનો સ્વાદ ચાખવા માટે નિષ્ફળતાનો રસ પણ પીધો હોવો જોઇએ. ત્યારે જ તમને સફળતાનો ખરા સ્વાદનો એહસાસ થશે. ક્યારેય નિષ્ફળ જ નહીં ગયા હોય તો તમને સફળતાનું મહત્વ જ નહીં સમજાય. અમેરીકાના મહાન વૈજ્ઞાનિકે આ સાબિત કરી બતાવ્યું કે નિષ્ફળતા પછી મળતી સફળતાને દુનિયા સલામ કરે છે. પરંતુ એક વાત નોંધવાપાત્ર છે કે તમને સતત મળતી નિષ્ફળતાઓથી હારીને બેસી જશો તો તમને ક્યારેય સફળતા મળશે નહીં. થોમસ આલ્વા એડિસન બલ્બના પ્રયોગમાં ૧૦ હજાર વાર નિષ્ફળતા મળી હતી, છતા તેમણે દરેક નિષ્ફળતાને એક નવા રસ્તા તરીકે જોયો અને આખરે સફળતા મેળવી અને વિશ્વમાં બલ્બ દ્વારા પણ પ્રકાશ મેળવી શકાય છે તેવું સાબિત કરી બતાવ્યું. આમ પણ આપણે ગુજરાતીમાં પણ કહેવત છે કે પરીશ્રમનું કોઇ પર્યાય નથી. તો મિત્રો આજે આપણે વાત કરીશું અમેરીકાના મહાન વૈજ્ઞાનીક અને જાણીતા ઉદ્યોગપતિ થોમસ આલ્વા એડિસનની. આજે પણ તેમના નામે ૧૦૯૩ પેટન્ટ ફાઇલ છે.

થોમસ આલ્વા એડિશનનો જન્મ ૧૧ ફેબ્રુઆરી. ૧૮૪૭માં થયો હતો. તેઓ પોતાના માતા પિતાનું સાતમું સંતાન હતા. નાનપણમાં સૌથી નાના હોવાથી જ તેમને એડિસન નામ ઉપનામમાં મળ્યું હતું. નાનપણમાં ખુબ જ ગરીબનીનો સામનો કરેવો હોવા છતા પણ વૈજ્ઞાનિકે ક્યારેય પણ પોતની હિંમતહારી ન હતી. વીજળીનો બલ્બ તેમની સૌથી મોટુ સંશોધન માનવામાં આવે છે.

સ્કૂલમાં યુવા એડિસનનું મન હંમેશા ભ્રમિત રહેતું હતું. જેના કારણે તેમના શિક્ષક રેવેરેંડ ઇંગલે તેમને વ્યાકુળ કહીને જ બોલાવતા હતા. તેઓએ માત્ર ૩ મહિના જ સ્કૂલમાં પસાર કર્યા હતા. ત્યારબાદ તેમની માતા જ તેમને ઘરે અભ્યાસ કરાવતી હતી.

એડિસનને નાનપણથી જ સાંભળવાની તકલીફ હતી. તેઓને તાવ આવતા તેની અસર કાનમાં થવાથી નાનપણથી જ તેઓ એક કાનમાં ઓછુ સાંભળતા હતા. તેઓએ પોતાના કેરિયર દરમિયાન કાનમાં ઓછુ સાંભળવાને લઇને નવી નવી વાર્તાઓ લોકો સમક્ષ રજુ કરી હતી. કાનમાં તકલીફ હોવા છતા પણ થોડુ મનોરંજન, પરિશ્રમ, અસીમ ધૈર્ય, આશ્ચર્ય જનક યાદશક્તિ અને અનુપમ કલ્પના શક્તિને કારણે તેઓએ સફળતા મેળવી. તેઓ માત્ર એક વૈજ્ઞાનિક જ નહી પરંતુ એક સફળ બિઝનેસમેન પણ હતા. તેમણે પોતાના ટેલેંટને ધ્યાનમાં રાખીને ૧૪ કંપનીઓની સ્થાપના કરી હતી. જેમાંની જનરલ ઇલેક્ટ્રીક પણ શામેલ છે. જે આજે પણ દુનિયાની સૌથી વધારે વ્યાપાર કરનારી કંપનીના નામથી જાણીતી છે.



થોમસ આલ્વા એડિસન

થોમસ આલ્વા એડિસન એક અમેરીકન વૈજ્ઞાનિકની સાથે વ્યાપારી પણ હતા. તેમણે અનેક યંત્ર અને યુક્તિઓનો વિકાસ કર્યો કે જે દુનિયાભરના લોકોને ઉપયોગી થયું. તેમાં પણ ખાસ કરીને ગ્રામોફોન અને બલ્બની શોધે દુનિયાને એક નવી દિશા આપી. આ ઉપરાંત શોધ માટે મોટી ટીમને કામે લગાડવાનું શ્રેય પણ તેમના જ ફાળે જાય છે. તેથી તેઓને પહેલી ઔદ્યોગીક અનુસંધાન પ્રયોગશાળા સ્થાપવાનું શ્રેય આપવામાં આવે છે.

આપણી સૌથી મોટી કમજોરી એ છે કે આપણે હાર માની લઇએ છીએ, સફળતા માટે સૌથી નિશ્ચિત રસ્તો છે કે હંમેશા વધારે એકવાર પ્રયત્ન કરવો. કારણ કે જ્યારે તમે નિષ્ફળ જાઓ છો અને પોતાનું કામ છોડી દો છો ત્યારે તમે સફળતાની બહું જ નજીક હોવ છો.

## થોમસ આલ્વા એડિશનની પ્રરણાદાયી બાબતો

**થોમસ આલ્વા** એડિશને પોતાની પહેલી પ્રયોગશાળા માત્ર ૧૦ વર્ષની ઉંમરે શરુ કરી હતી. તેમની માતાએ તેમને ઘરમાં કરી શકાય તેવા પ્રયોગોની પુસ્તક લાવી આપી હતી. જેના આધારે તેઓ પ્રયોગ કરતા ગયા. પોતાની તમામ પોકેટમની તેઓ આ પ્રયોગ પાછળ જ ખર્ચ કરતા હતા.

**વધારે પૈસા** કમાવવા માટે તેઓ ટ્રેનમાં અખબાર અને શાકબાજી વેચવાનું પણ કરતા હતા. તેમ છતા પણ તેઓ પોતાના ધ્યેયથી ક્યારેય ભટક્યા નથી.

**જ્યારે તેમનો** કોઇ પ્રયોગ પુર્ણતાની નજીક આવીને ઉભો રહેતો ત્યારે તેઓ સતત ચાર ચાર દિવસ સુધી પ્રયોગ પુરો કરવાનો પ્રયત્ન કરતા. તેઓ પોતાના પ્રયોગમાં એટલા તો ખોવાઇ જતા કે તેઓ જમવાનું પણ ભુલી જતા હતા.

**વર્ષ ૧૮૭૯થી** ૧૯૦૦ દરમિયાન તેઓ પોતાના મોટાભાગની નવી નવી ખોજો, ઇનોવેશન, રિસર્ચ પુરા કરી ચુક્યા હતા. તેઓ એક વૈજ્ઞાનિકની સાથે પૈસાદાર ઉદ્યોગપતિ પણ બની ચુક્યા હતા.

**પહેલીવાર બલ્બ** બનાવવા માટે ૪૦ હજાર રૂપિયાનો ખર્ચ થયો હતો. તેમણે ફિલામેંટ વાળી કાર્બન થ્રેડનો વિકાસ કર્યો કે જે ૪૦ કલાક સુધી ચાલી શકતું હતું.

**૪૦ ઇલેક્ટ્રીક** લાઇટના બલ્બ જોવા માટે ૩ હજાર લોકોનું ટોળું એકઠુ થયું હતું. ત્યારબાદ ન્યુયોર્ક સિટીમાં પર્લ સ્ટ્રીટ પાવર સ્ટેશન શરુ કરાયું. ત્યારબાદ લોકોને ઘરે વીજળી પહોંચાડવાનું શરુ કર્યું.

**થોમસ એડિશને** ૧૪ વર્ષની ઉંમરે એક ૩ વર્ષના છોકરાને ટ્રેનની નીચે આવતા બચાવ્યો હતો. એ બાળકના પિતાએ થોમસને ટેલિગ્રામનો ઉપયોગ શીખવ્યો હતો. જેના કારણે તેને સ્ટેશનમાં નોકરી મળી હતી. થોમસે સ્ટેશનનો સમય રાત્રીનો રાખ્યો હતો. જેના કારણે તે દિવસ દરમિયાન પોતાનો મોટાભાગનો સમય પ્રયોગ માટે આપી શકતો હતો.

## ૧૦ વર્ષની ઉંમરે ડિસ્કવરી ઓફ સાયન્સનો અભ્યાસ પુરો કર્યો



**થોમસ આલ્વા એડિસનને** સ્કૂલમાંથી મંદ બુદ્ધી બાળક હોવાનું કહીને કાઢી મુક્યા હતા. ત્યારબાદ તેમની માતાએ તેમને ઘરે જ અભ્યાસ કરાવ્યો. તેમની માતા પણ શિક્ષક જ હતા. તેથી એડિસને માત્ર ૧૦ વર્ષની ઉંમરે મહાન ગ્રંથોની સાથે ડિક્શનરી ઓફ સાયન્સનો પણ અભ્યાસ પુરો કર્યો હતો. તેઓને નાનપણમાં ડાબા કાનમાં ઓછુ સંભળાવવાની તકલીફને ઉંમર વધતા વધતી ગઇ અને એક દિવસ એવો પણ આવ્યો કે જ્યારે તેઓ ડાબા કાનથી કંઇજ સાંભળી શકતા ન હતા. તેમણે પોતે જ એક દિવસ કહ્યું હતું કે મેં ૧૨ વર્ષની ઉંમર બાદ પંખીઓનો કલરવ ક્યારેય સાંભળ્યો નથી.

**તેઓના અવનવી** શોધોને કારણે લોકોને તેમણે ઘણીવાર પાગલ કહેતા હતા. એક દિવસ તેમણે કોઇને પુછ્યું કે પંખીઓ કેવી રીતે અને શા માટે ઉડે છે. તો કોઇએ જવાબ આપ્યો કે પંખીઓ કીડા ખાય છે તેથી તે ઊડી શકે છે. આ સાંભળીને તેમણે પોતાના બગીચામાં કીડા ઉછેર્યા અને તેમને પીસીને એક દિવસ તેમના મિત્રોને ખવડાવ્યા. તેઓને હતું કે તેઓ પણ કીડા ખાઇને ઉડી શકશે. પરંતુ તેમના મિત્રો બિમાર થઇ ગયા. તેથી લોકોને પાગલ પણ કહેતા. તેમનું પહેલું સંશોધન હતું ઇલેક્ટ્રીકલ વોટ રેકોર્ડર, જેનો ઉપયોગ ઇલેક્શન માટે થઇ શકે તેમ હતું. પરંતુ તેમની પહેલી શોધ માટે કોઇ જ ખરીદાર ન મળ્યા. ત્યારબાદ તેમણે યુનિવર્સલ સ્ટોક પ્રિન્ટર બનાવવ્યું હતું. જેની કિંમત તેમણે ૫૦૦ ડોલર રાખી હતી, પરંતુ આખરે તે ૩૦૦૦ ડોલરમાં વેચાયું હતું.

## ધી એચ.બી. કાપડિયા ન્યૂ હાઈસ્કૂલ, મેમનગર (ગુજરાતી માધ્યમ) શાળામાં ઉજવાયેલ 'લોકશાહી પર્વ'







શાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં લોકશાહીના મૂલ્યોનું સિંચન-જતન થાય તે માટે ધી એચ.બી.કાપડિયા ન્યૂ હાઈસ્કૂલ, મેમનગર (ગુજરાતી માધ્યમ) શાળામાં વિદ્યાર્થી નેતા (હેડબોય), વિદ્યાર્થીનેત્રી (હેડગર્લ)ની ચૂંટણી યોજાઈ ગઈ. આ ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણ પણે ભારતીય લોકશાહી ચૂંટણી પ્રક્રિયા પ્રમાણે જ યોજવામાં આવી હતી.

## વિશ્વ પર્યાવરણ બચાવો











વિશ્વ પર્યાવરણ બચાવો કાર્યક્રમ અંતર્ગત ધી એચ.બી. કાપડિયા ન્યૂ હાઈસ્કૂલ-મેમનગર, પ્રાથમિક શાળાના બાળકો દ્વારા ખૂબજ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તે અનુસાર શાળાના ભૂલકાંઓ દ્વારા સરસ નાટક, વેશભૂષા, ગીત તેમજ કવિતાઓની રચના કરવામાં આવી હતી.

## બાલક્રિષ્ના વિદ્યાપીઠ - રાજુલા ખાતે રમતોત્સવનું આયોજન કરાયું હતું



બાલક્રિષ્ના વિદ્યાપીઠ - રાજુલા તાલુકામાં કક્ષા દ્વારા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ રમતો રમાડવામાં આવી હતી. જેવી કે, વોલીબોલ, કબ્બડી, ખો-ખો વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલક્રિષ્ના વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ ભાગ લઈને સારું પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું.

## માધવ સ્કુલ વસ્રાલ ખાતે રક્ષાબંધનની ઉજવણી કરાઇ





માધવ સ્કુલ વસ્રાલ ખાતે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

## સ્કુમ સ્કૂલ દ્વારા અવેરનેસ પ્રોગ્રામનું આયોજન





ડ્રાઈવ ઈન રોડ સ્થિત સ્કુમ કેમ્પસની ગુજરાતી માધ્યમની સ્કુલમાં વસ્રાપુર પોલીસ સ્ટેશનના સ્પેશિયલ સેલ દ્વારા વિદ્યાર્થીઓ માટે અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦૦ અને ૧૮૧ હેલ્પલાઈન વિશેની વિગતવાર આસિસ્ટન્ટ પોલીસ શ્રીમતી ભાવનાબેન ઝલુએ માહિતી આપવામાં આવી હતી.



ડ્રાઈવ ઈન રોડ સ્થિત સ્કુમ સ્કૂલ કેમ્પસની ગુજરાતી સ્કૂલ્સના ભૂલકાઓએ વરસતા વરસાદમાં નાહીને વરસાદના ઉત્સાહભેર વધામણાં કર્યા હતા. કાગળની હોડી બનાવી પાણીમાં તરતી મૂકી આનંદ અભિવ્યક્ત કર્યો હતો.


## શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ, ઉસ્માનપુરા, ખાતે તોરણ સ્પર્ધાનું આયોજન કરાયું



શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪ ખાતે તોરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

## સંસ્કાર ધામ શાળામાં ફાયર રેસ્ક્યુ ટીમ દ્વારા ફાયર સેફ્ટી પ્રદર્શન યોજાયું





સંસ્કારધામ શાળામાં Fire Sefety Demonstretion આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફાયર બ્રિગેડની રેસ્ક્યુ ટીમ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષક કર્મચારીઓ પાસે પ્રત્યક્ષ એક્સ્ટિંગ્યુશરનો ઉપયોગ કરતાં શીખવ્યું. તેમજ સાવચેતી માટેના પગલાં સમજાવ્યાં હતા.

## "વિશ્વ પર્યાવરણ સંરક્ષણ દિન"




ઝાલા શ્વેતા, ધોરણ- ૯

આપણું જીવન આદિકાળથી પ્રકૃતિની સાથે વણાયેલું રહ્યું છે. સમગ્ર બ્રહ્માંડમાં એક માત્ર પૃથ્વી પર જ જીવસૃષ્ટિ અને માનવસંસ્કૃતિનો વિકાસ થયો છે. તેનું રક્ષણ કરવું એ આપણા સૌની ફરજ છે. પ્રકૃતિનું રક્ષણ કરીશું તો જ આપણું રક્ષણ થશે. પ્રકૃતિનો વિનાશ એટલે સમગ્ર વસૃષ્ટિનો વિનાશ. ના ભાગરૂપે ત્રિપદા હાઈસ્કૂલના ધોરણ ૭ થી ૯ના બાળકોએ વિશ્વપર્યાવરણ સંરક્ષણ દિનની ઉજવણીમાં ચિત્રકલાની પ્રવૃત્તિ દ્વારા પોતાના વિચારી દર્શાવ્યા.



પંચાલ વત્સલ, ધોરણ- ૮



પટેલ ધ્રુવી, ધોરણ- ૭

તમારી શાળામાં થતાં વિવિધ કાર્યક્રમોની માહિતી 'ધી ઓપન પેજ'માં પ્રસિદ્ધ કરવા માટે info@theopenpage.co.in પર મોકલવી.

વૈધાનિક સૂચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.



**રાજ ભાસ્કર**
સહ સંપાદક સાધના સાપ્તાહિક
કોલમિષ્ટ , દિવ્ય ભાસ્કર

# મિત્રને બચાવવા વૈભવ મોતના મુખમાં જવા માટે તૈયાર હતો




રવિવારનો દિવસ હતો. આજે સ્કુલમાં રજા એટલે મજા કરવાનો દિવસ. નવ વર્ષનો વૈભવ સવારની ચા પીને ટી. વી સામે બેઠો હતો. એના પપ્પા રામેશ્વરજી વરંડામાં હિંચકા પર બેસીને છાપુ વાંચી રહ્યાં હતા. મમ્મી બાજુમાં બેઠી બેઠી શાક સમારી રહી હતી.

ત્યાંજ પાડોશમાં રહેતો વૈભવનો દોસ્ત નીખીલ આવ્યો, ‘અંકલ વૈભવને બોલાવોને!’ એ ગભરાતો ગભરાતો બોલ્યો.

‘શું કામ છે?’ રામેશ્વરજીએ પૂછ્યુ.

‘રમવા જવું છે!!’

આટલી વાત ચાલતી હતી ત્યાંજ વૈભવ બહાર આવ્યો. પપ્પા - મમ્મી સામે જોઈને ઉભો રહ્યો.

‘ચાલ વૈભવ રમવા!’ નિખીલે કહ્યુ.

વૈભવે પપ્પા સામે જોઈને પૂછ્યુ, ‘પપ્પા, હું રમવા જાઉં?’

રામેશ્વરજીએ કહ્યુ, ‘હા, જા! પણ ધ્યાન રાખજે. વરસાદનો માહોલ છે. બહું દૂર ના જતાં. એક કલાકમાં જ પાછા આવજો. પછી વાંચવા બેસજે.’

‘સારુ, પપ્પા!’ વૈભવ નિખીલ સાથે દોડી ગયો.

‘બેટા, એકબીજાનું ધ્યાન રાખજો. તોફાન ન કરતાં.’ પપ્પા બોલ્યા. વૈભવે પાછળ ફરીને જોયુ અને બોલ્યો, ‘હા, પપ્પા! અમે એકબીજાનું ધ્યાન રાખીશું.’

મહારાષ્ટ્રના વર્ધાના એક સામાન્ય વિસ્તારની આ વાત છે. વૈભવ એના માતા-પિતા સાથે અહીં રહેતો, ભણતો અને મિત્રો સાથે મજા કરતો.

વૈભવ અને નિખિલ સોસાયટીના મેદાનમાં આવ્યા. હજુ કોઈ છોકરાઓ આવ્યા નહોતા.

‘વૈભવ, આપણે બે એકલા જ છીએ. બીજા બધા દોસ્તોને આવતા હજુ વાર લાગશે. ચાલ ત્યાં સુધી આપણે બહાર આંટો મારી આવીએ.’

‘હા, પણ ક્યાં જઈશું.’

‘પાસે જ ગીફ્ટ આર્ટીકલ્સની એક સરસ મજાની દુકાન ખુલી છે. બહાર મોટા મોટા ટેડી-બેયર મૂક્યા છે. તું તો જોઈને ગાંડો થઈ જઈશ. ચાલ તને બતાવું.’

‘કઈ જગ્યાએ બની છે એ દુકાન?’

‘નંદા નદીનો પુલ પાર કરીને જમણી બાજુ. આઈસક્રીમવાળા કાકાની દુકાન છે એની સામે જ!’

‘પણ, આપણે એટલે દૂર ના જઈએ તો સારુ. ત્યાં ટ્રાફિક પણ બહું જ હોય છે. ડર પણ રહે. મમ્મી-પપ્પા ચિંતા કરે આપણી.’

‘અરે, દસ જ મિનિટ થશે. તું રમકડાં જોજે. બધા જ કાચમાં મૂક્યા છે. એટલાં સરસ છે કે તને મજા પડી જશે. તારો બર્થ ડે નજીક આવે છે. તારે મમ્મી-પપ્પા પાસે ડિમાન્ડ કરવી હશે તો કરી શકાશે.’

‘મમ્મી-પપ્પા, પાસે નહીં. તારી પાસે ડિમાન્ડ કરવાની છે. ચાલ બતાવ રમકડાં. પછી હું જે કહું તે મારા બર્થ ડે માં લઈ આપજે.’ વૈભવે નિખિલની પીઠમાં ધબ્બો માર્યો. નિખિલ ફસાઈ ગયો. એ બોલ્યો, ‘છોડ… યાર! ત્યાં નથી જવું હવે.’

‘કેમ તારે ગીફ્ટ લેવાનું આવ્યુ એટલે ના પાડે છે? ના, હવે તો તારે આવવું જ પડશે! ’ વૈભવે મિત્રનો હાથ ખેંચ્યો.

બંને મિત્રો મસ્તી કરતાં કરતાં દુકાન તરફ ચાલ્યા. રસ્તામાં એક પુલ આવ્યો. પુલની નીચેથી સરસ મજાની નદી વહી રહી હતી. એ નદીનું નામ નંદા. નંદા નદીનું પાણી ખળ ખળ વહેતું હતું. એવું લાગતું હતું જાણે સંગીત વાગી રહ્યુ છે. નદીની વચ્ચેથી આડો એક પાઈપ મૂકેલો હતો.

વૈભવ અને નિખીલ પુલ પર ઉભા હતા. નિખિલે વૈભવને પૂછ્યુ, ‘અરે, ભાઈ આ પાઈપ શા માટે મૂકવામાં આવ્યો છે?’

વૈભવ હોંશિયાર હતો. એ બોલ્યો, ‘અરે, તું તો સાવ બુદ્ધુ જ છે. આટલીયે ખબર નથી! આ પાઈપ શહેરને પાણી પહોંચાડવા માટે મૂકવામાં આવ્યો છે. આ સીમેન્ટની પાઈપલાઈન વાટે શહેરને પાણી મળશે.’

‘પણ, એવું કાંઈ તો લાગતું નથી. આ પાઈપ તો આગળ જતા બંદ છે. એમાં પાણી બહું લાગતું નથી.’

‘તું યાર ખરેખર બુદ્ધુ છે. એક્ચ્યુલી એવું છે કે કામ હજુ ચાલે છે. ચાલ હવે આગળ જઈએ, તું નહીં સમજી શકે.’ બોલીને વૈભવ આગળ ચાલ્યો.

નિખિલ ત્યાંજ ઉભો રહ્યો, ‘ના, યાર મને સરખી રીતે સમજી લેવા દે, જોઈ લેવા દે કે આ પાઈપ ખરેખર શેના માટે છે.’ આટલું બોલીને નિખિલ પુલની પાળી પરથી ઝૂકી ઝુકીને નદીમાં જોવા લાગ્યો. વૈભવ એનાથી થોડેક જ દૂર હતો. એ પાછુ વળી મિત્ર સામે જોઈ રહ્યો હતો. એણે જોરથી બૂમ મારી, ‘નિખિલીયા, ચાલ હવે!’

પણ એ બૂમ નિખિલ સુધી પહોંચે એ પહેલાં જ એક જોરદાર ઘટના બની ગઈ. પુલની પાળી પરથી વાંકો વળીને નદીમાં જોઈ રહેલો નિખિલ ધડામ અવાજ સાથે પુલમાં પડ્યો. વૈભવની આંખો ફાટી ગઈ. એ પાળી તરફ દોડ્યો. એણે નદીમાં જોયુ. દોસ્ત નિખિલ એની નજર સામે નંદા નદીના પાણીમાં પડ્યો અને તરફડીયા મારતો પેલા સિમેન્ટના પાઈપમાં ફસાઈ ગયો. વૈભવે રાડા રાડ કરી મૂકી. લોકોના ટોળા ભેગાં થઈ ગયા. વૈભવ રડવા લાગ્યો, ‘પ્લીઝ, મારા દોસ્તને બચાવો. એ પાઈપમાં ફસાઈ ગયો છે.’

ભલા દેખાતા લોકોએ જરાય ભલમનસાઈ ના બતાવી. ઉલ્ટાનું ડોઢ ડહાપણ વેર્યુ, ‘છોકરા, નદીનું પાણી ખૂબ ઉંડુ છે. અને પાઈપ એકદમ સાંકડો છે. કોઈ નદીમાં ના પડે. ફાયર બ્રિગેડને ફોન કરીએ છીએ. એ આવશે અને બચાવશે.’

એક પણ જણ નદીમાં પડી નિખિલને બચાવવા તૈયાર ના થયો. વૈભવના હૈયામાં વાગી ગયુ હતું. એણે વિચાર્યુ કે, આ ટ્રાફિકમાં ફાયર બ્રિગેડ આવે ત્યાં સુધી તો એનો મિત્ર ગભરાઈને, ગુંગળાઈને મરી જાય. જે પાઈપમાં એ ફસાયો હતો એ પાઈપ બીજા છેડેથી બંદ હતો. એમાં પાણી પણ હતું. જો નિખીલ તણાતો તણાતો બીજા છેડા સુધી જતો રહે તો તો અનર્થ થઈ જાય. એ મરી જ જાય. મિત્રને એ રીતે મરતો જોવા એ તૈયાર નહોતો. એ ભલે નવ વર્ષનો હતો પણ લાગણી બહું મોટી હતી. એના પિતાના શબ્દો એને યાદ આવ્યા, ‘બેટા, બંને એકબીજાનું ધ્યાન રાખજો.’ એને થયુ મિત્રનું ધ્યાન રાખવાનું, એને કપરી સ્થિતીમાંથી ઉગારવાનું કામ બીજા મિત્રનું છે. આમ વિચારીને એણે સીધો જ નદીમાં ભૂસકો માર્યો. પાણી બહું જ ઉંડું હતું. નિખિલ પાઈપમાં ફસાયો હતો. વૈભવ તરતો તરતો એ પાઈપ પાસે ગયો. પાઈપમાં જવું એટલે મોતના મુખમાં જવું. પણ વૈભવે એમાં જવાનું નક્કી કર્યુ. ઉપર ઉભેલા ડાહ્યાં માણસોના ટોળા બુમો મારી રહ્યાં હતા, ‘એય, છોકરા! પાઈપમાં ના જઈશ મરી જઈશ.’

પણ વૈભવે એમની વાત કાને ના ધરી. પોતાના મિત્રને બચાવવા વૈભવ મોતના મુખમાં જવા માટે તૈયાર હતો. એ કંઈ પણ વિચાર્યા વિના પાઈપમાં પ્રવેશ્યો. અંદર ગંદુ પાણી, પાણીની જીવાતો, પાણીના સાપ, નાની નાની માછલીઓ એને વળગી પડી. પણ એ નવ વર્ષના છોકરાને પોતાના મિત્ર સિવાય કશાની પરવા નહોતી. આખરે એણે મહામહેનતે નિખિલને એક ખુણામાં બેભાન પડેલો શોધી કાઢ્યો. એને ધક્કા મારી મારીને પાઈપની બહાર કાઢ્યો. તરતો તરતો એ નિખિલને લઈને કિનારે આવ્યો. ત્યારે કિનારે લોકોના ટોળા ઉભા હતા અને ફાયર બ્રિગેડની ટીમ પણ આવી ગઈ હતી.


નિખિલ અર્ધ બેભાન હતો. એટલે કે એ જીવતો હતો. વૈભવે આનંદની ચિચિયારી કરતાં કહ્યુ, ‘મારો દોસ્ત જીવે છે. મારો દોસ્ત જીવે છે.....હે... હે....હે....’ ત્યાં ઉભેલા લોકોની આંખો ભીંજાઈ ગઈ. આ નવ વર્ષના નાનકડાં છોકરાની બહાદૂરી, લાગણી અને હિંમત જોઈને લોકો દંગ રહી ગયા. ફાયર બ્રિગેડના જવાનોએ અને લોકોએ એ નાનકડા છોકરાને સેલ્યુટ કરી. વૈભવ જોઈ રહ્યો. એક મોટુ ટોળુ સામે ઉભુ ઉભુ હસતા - રડતાં એને સલામી આપી રહ્યુ હતું.

થોડીવારે વૈભવ અને નિખિલના માતા-પિતાને જાણ થતાં એ લોકો પણ દોડી આવ્યા. તેમણે સંતાનોને ગળે લગાડી દીધા. પછી તો આખી સોસાયટીમાં, આખા વર્ધામાં, અને આખા દેશમાં આ બહાદૂર બાળકની બહાદૂરીની વાત ફેલાઈ ગઈ. ચારે તરફથી અભિનંદનની વરસા થઈ.

★★★

ભારત સરકારે આ નવ વર્ષના બહાદૂરને વીરતા પુરસ્કાર આપી શાબ્બાશી આપી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે ૨૬મી જાન્યુઆરી-૨૦૧૬ના દિવસે ‘રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર’ એનાયત કરીને એની બહાદૂરીનું સન્માન કરવામાં આવ્યુ. એ વખતે સૌથી વધારે ખુશ હતા નિખીલ અને એના માતા-પિતા. એ પછીના બર્થડે પર નિખિલે એને પેલી દુકાનમાંથી સરસ મજાની ગીફ્ટ પણ લાવી આપી. વૈભવે આભાર માન્યો. જવાબમાં નિખિલ બોલ્યો, ‘દોસ્ત! તે મને જે ગીફ્ટ આપી છે એવી ગીફ્ટ તો હું તને આખી જિંદગી આપી શકું તેમ નથી. થેંક યુ દોસ્ત.’

## આપેલા ચિત્રમાં રંગ પૂરો



## ઉખાણા

**ચાર ખૂણાનું ચોકડું, અદ્ધર ઊડ્યું જાયે:**
**રાજા પૂછે રાણીને એ ક્યું જનાવર જાય?**

○ પક્ષી ○ પતંગ ○ વિમાન ○ પવન

તમારો જવાબ

**લાલ પીળાં ધોળાં પચરંગી અનેક રંગનાં હોય,**
**દરેક છોડે, દરેક ડાળે, દેતાં સુગંધ હોય**

○ ભમરો ○ પતંગિયું ○ ફૂલ ○ પાંદડી

તમારો જવાબ

**ભમે ભણે પણ ભમરો નહિ,**
**કોટે જનોઈ પણ બ્રાહ્મણ નહિ:**
**લોટ માગે પણ બાવો નહિ,**
**અને તેલ ચઢે પણ હનુમાન નહિ**

○ છરી ○ કરવત ○ હથોડી ○ રેંટિયો

તમારો જવાબ

**દરિયા કાંઠે નીપજે, ખાય રંક ને રૂડા:**
**સ્ત્રી-હાથ સોહાગણ, એ કાંકણ કે ચુડા**

○ સાકર ○ મીઠું ○ માછલી ○ શંખ


તમારો જવાબ

**છાપરે છાપરે મગ વેરાય**
**ગોળ જોઈને ચોંટી જાય**

○ કીડી ○ મંકોડો ○ મચ્છર ○ માખી

તમારો જવાબ

## નીચે દર્શાવ્યા પ્રમાણે ગણતરી કરો




# લાલચું ચકલી

બાળ વાર્તા

ઘણા સમય પહેલાંની વાત છે. એક ચકલી એવા રાજમાર્ગે રહેતી હતી જ્યાંથી અનાજથી ભરેલી ગાડીઓ પસાર થતી. ચોખા, મગ, તુવેરના દાણા જ્યાં ત્યાં વિખરેલા રહેતા હતા. તે મન ભરી દાણા ચણતી. એક દિવસ તેને વિચાર્યું કે મને એવું કાંઈક કરવું જોઈએ કે અન્ય પક્ષી આ રાસ્તા પર ના આવે નહિતર, મને દાણા ઓછું મળશે.

તે બીજી ચકલીઓને કહેવા લાગી રાજમાર્ગે ના જશો ત્યાં મોટું સંકટ છે. ત્યાંથી જંગલી હાથી-ઘોડા અને દોડતા બળદોની ગાડી નીકળે છે. ત્યાંથી તરત ઉડીને સુરક્ષિત સ્થાન પણ જઈ શકાતુ નથી.

તેની વાત સાંભળી બધા પક્ષી ગભરાય ગયાં અને તેનું નામ અનુશાસિકા મુકી દીધું.

એક દિવસ તે રાજપથે ચણી રહી હતી. ત્યારે ઝડપથી આવતી ગાડીનો હોર્ન સાંભળી પાછળ વળીને જોયું, અરે હજુ તો આ બહુ જ દૂર છે થોડુંક ચણી લઉં, વિચારી દાણા ચણવામાં એટલી મગ્ન થઈ ગઈ કે તેને ખબર ના પડી કે ગાડી ક્યારે તેની નજીક આવી ગઈ. તે ઉડી પણ ના શકી અને પૈડા નીચે કચડી મૃત્યુ પામી.

થોડા સમય પછી ખળભળ મચી ગઈ કે અનુશાસિકા ક્યાં ગઈ. શોધતા-શોધતા છેવટે તે મળી ગઈ.

બધા પક્ષી કહેવા લાગ્યા, અરે આ શું આ તો એ રાજમાર્ગે મરેલી પડી છે જ્યાં અમને આવવાથી રોકતી હતી અને પોતે ચણવા આવી ગઈ.


**શિખામણ:** જે ઉપદેશક પોતાને નિયંત્રણમાં ન રાખી શકે તેનો હાલ આ ચકલી જેવો જ થાય છે.




## નીચે આપેલા માંથી છ તફાવત શોધો



## ટપકાં જોડી ચિત્ર પૂરુ કરો




## રસ્તો શોધવા મદદ કરો




## નીચે આપેલા શબ્દો ને શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફ | ર | જ | ગ | પ્રા | રા | તુ | ળ | ણ | મા | મ | ભ |
| લા | ર | ધ | ભો | મા | ત | ક | ગ | બા | એ | મ | મા |
| પ્ર | અઃ | બં | કા | ણિ | ન | બં | ડો | અ | રો | ણિ | વિ |
| મા | સા | વ | સ | ક | ઔ | ઈ | ર | ર | અ | હિ | ન |
| ક | ગ | દ | જ્ઞા | કા | બ | ભો | ર | લ | ર | ક્ષ | ઔ |
| ભા | તી | ગ | ળ | મા | સા | રા | ધ | કા | ઇ | મ | ર |
| ક | બ | બા | બા | શિ | ભા | અ | બ | ર | જ | વા | સા |
| અ | ગ | શિ | ર | ળ | સા | કા | ર | ર | બા | બ | બા |
| ર | ત | મ | પ્ર | મા | દ | કા | ઊ | ક | ધ | ર | બા |
| લ | ઓ | બ | કા | સા | ઐ | સા | મ | ન | જ્ઞા | દ | અ |
| બં | આ | ર | ક | ગી | ઔ | હિ | ળ | ઐ | બા | કો | લ |
| ળ | ર | બૂ | ર | દ | મા | ક | આ | કી | શ | ફ | રો |

પ્રમાદ ભમરો
પ્રસાદ ભાતીગળ
પ્રામાણિક ભોરલ
ફરજ મહિમા
બરાબર
બાદબાકી

## ચાલો પેંગ્વિન દોરતા શીખીએ



# પૌરાણીક કાળમાં જુનાગઢ ગુજરાતની રાજકીય રાજધાની હતી

**જુનાગઢ આજે પણ તેના ભવ્ય ઈતિહાસને જાળવીને બેઠું છે, ત્યાંના લોકમેળામાં આજે પણ દુનિયાભરના લોકો મેળાને મ્હાલવા આવે છે**



**પ્રો. રામજી સાવલિયા**
પૂર્વ નિયામક ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ

જુનાગઢનો જ્યારે પણ ઈતિહાસમાં સરખામણી થાય છે ત્યારે તેને આપણે આઝાદી બાદના સમય સાથે જોડીને સરખામણી કરીએ છીએ. પરંતુ ભારત અને ખાસ કરીને ગુજરાતના ઈતિહાસમાં જુનાગઢનું નામ ભવ્ય ઈતિહાસનો ખજાનો લઈને બેસેલા શહેર તરીકેની જ ગણના થવી જોઈએ. સૌરાષ્ટ્ર એ પ્રદેશસૂચક શબ્દ છે. વર્તમાન ગુજરાત રાજ્યનો તે દ્વીપકલ્પીય ભાગ છે. એવી જ રીતે ગુજરાત પણ ભારતનો ભૌગોલિક મર્યાદા સૂચવતો એક ભાગ છે.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં જૂનાગઢ શહેરની આસપાસના વિસ્તારનું આગવું મહત્વ ધરાવે છે. પૂર્વકાલીન ઈતિહાસમાં પણ જુનાગઢ શહેર અને ગિરનાર પર્વતની તળેટી ઘણું ઐતિહાસિક મહત્વ ધરાવે છે. પૂર્વકાલમાં આ શહેર ગિરિનગરથી ઓળખાતુ હતું. અર્થાત મૂળ ગિરિનગર ઉપર હાલનું જૂનાગઢ વસ્યું હોવાનો સંભવ છે, કારણ કે પૂર્વકાલીન નગરોના અવશેષો ઉપર કે તેની પાસે નવાં નગરો વસાવવાની પરંપરા જાણીતી છે. કારણ કે ઘણા શહેરોમાં આ જ પ્રમાણેની બાબતો જોવા મળી હતી. જૂનાગઢનું સંસ્કૃત રૂપાંતર જીર્ણદુર્ગ પણ જાણીતું છે.

ગુજરાતના રાજકીય ઈતિહાસમાં સહુ પ્રથમ રાજધાની તરીકે જૂનાગઢનો ઉલ્લેખ છે. મૌર્ય રાજાઓનું સમ્રાટનગર પાટલીપુત્રમાં આજનુ પટણા હતું. ક્ષત્રપ રાજાઓનું પાટનગર શરૂઆતમાં ભરુ, કચ્છ અને ઉજજયિની હતાં. આ રાજવંશોના સમયમાં ગુજરાત પ્રાંતનું આગવું મહત્વ હતું અને જૂનાગઢ- ગિરિનગર એમની બીજી રાજધાની હતી. લગભગ સાતસો વર્ષ કરતા વધારે સમય સુધી આ નગર ગુજરાતનું શાસનનો મહત્વનો ભાગ હતો એવું એનું ઐતિહાસિક મહત્વ છે. ગિરિનગરમાં આવેલો અશોકનો શિલાલેખ આજે પણ તેની સાક્ષી પુરી રહ્યો છે.

## નાથ સંપ્રદાય

નાથ સંપ્રદાયના ચોથા ગુરુ ગોરખનાથ ગુજરાતમાં થયા હોવાની માન્યતા છે અને એમના સમયમાં ગુજરાતમાં નાથ સંપ્રદાયનો પ્રચાર થયો હોવાનું કહેવાય છે. સરસ્વતી નદીના કાંઠે ચૌલુક્ય રાજા મૂળરાજના સમયમાં કંથડી નામના સિદ્ધ થયા હોવાનું જાણમાં છે. તેઓ ગોરખનાથના શિષ્ય હોવાનો મત છે. આથી ગોરખનાથ દશમી સદીના મધ્યમાં વિદ્યમાન હોવાનું સૂચિત થઈ શકે. એક પરંપરા અનુસાર ગોરખનાથ સત્યયુગમાં પેશાવરમાં, ત્રેતાયુગમાં ગોરખપુરમાં, દ્વાપરયુગમાં હરમુજમાં અને કલિયુગમાં સૌરાષ્ટ્રના ગોરખમઢીમાં પ્રાદર્ભાવ પામ્યા હતાં.

આ ગોરખમઢી સોમનાથ પાટણથી પૂર્વમાં પંદર કિલો મિટર દૂર સરસ્વતી ના કાઠે આવેલું હતું. ગોરખનાથના આ સ્થાનકમાં નાથ પંથના સાધુઓનો મઠ છે. ગિરનાર પર્વત ઉપરની પાંચ ટુકોમાં સહુથી ઊંચી ટૂંક ગોરખનાથની છે.ગોરખનાથે અહીં તપ કર્યું હતું એવી માન્યતા છે. આથી અહીં ગોરખનાથના નાથ સંપ્રદાયનું સ્થાનક છે એમ કહી શકાય. પાટણ પાસેના વાઘેલમાં અને કચ્છમાં આ સંપ્રદાયના પ્રચારનાં પ્રત્યક્ષ પ્રમાણો જોવા મળે છે. વાઘેલમાં આ સંપ્રદાયનો એક મઠ છે. પણ કચ્છમાં આ પંથના ઘણા મથકો છે. એમાં ધીણોધરનો મઠ નાથ સંપ્રદાયના કાનકૂટા બાવાઓનું પશ્ચિમ ભારતનું મહત્વનું કેન્દ્ર ગણાય છે. ધીણોઘાર એટલે ગોરખનાથ શિષ્ય ધર્મનાથની તપોભૂમિ.





ગિરનાર પર્વત ઉપર છ ટુંકમાં નાકના સ્થાને ગુરુદતનું શિખર છે. નાથ સંપ્રદાયના લોકો દતાત્રેયને મહાન યોગી તરીકે ગુરુસ્થાનના અધિકારી ગણે છે.ગોરખસિદ્ધાંત સંગ્રહના આરંભમાં ગુરુનો મહિમા વર્ણવ્યો છે. આ સંપ્રદાયમાં ગુરુ બધા શ્રેયોનું મૂળ છે. નાથ પરંપરા મુજબ મત્સ્યેન્દ્રનાથને ગુરુ દતાત્રેયે જ નાથ સંપ્રદાયનો આદેશ આપી યોગના કઠિન પ્રકારો જણાવ્યા હતા. ગિરનાર ઉપરનું દતાત્રેયનું સ્થાનક સૌ પ્રથમ નાથસિદ્ધો દ્વારા વિકસેલું છે. ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં દત ઉપાસનાનું એક માત્ર સ્થાન ગિરનાર છે.

## ભવનાથનો મેળો

ગુજરાતમાં મહાશિવરાત્રીના પાવન પ્રસંગે નાનામોટા સખ્યાબંધ મેળાઓ યોજાય છે.આમાં ગિરનાર ની તળેટીમાં જૂનાગઢ પાસે ભવનાથ મહાદેવની છત્રછાયામાં ભરાતો મેળો વિશિષ્ટ ગણાય છે. એક તરફ વસંતનાં વધામણાં વેરતી ખીલી ઊઠેલી પ્રકૃતિનું સૌદર્ય માણવા મળે છે તો બીજી બાજુ ધાર્મિક ભાવનાના વહેણમાં તણાવવાનો મોકો મળે છે.


આ લોકમેળામાં સમગ્ર દેશમાંથી મોટી સંખ્યામાં સાધુસંતો અહીં આવે પડે છે. ભાવિ ભક્તોને તેમના સત્સંગનો અનેરો લાભ મળે છે. આ મેળાનું સૌથી મોટું આકર્ષણ નાગાબાવાઓનું અને એમની વિવિધ શારીરિક- ચમત્કારિક પ્રવૃતિઓનું રહે છે. આમ, આ મેળામાં યાત્રાળુઓને ધર્મ, અધ્યાત્મ, સંસ્કૃતિ અને સૌંદર્યનો એક સાથે સહજ અનુભવ થાય છે.

## લોકમેળાનું મહત્વ

માનવજીવનમાં મેળાઓનું વિશિષ્ટ સ્થાન સ્વભાવિક જ રહેલું છે.સામાન્ય રીતે મેળા કોઈ દેવ સાથે, કોઈ ધાર્મિક વિધિ સાથે સંકળાયેલા હોય છે. મેળા મુખ્યત્વે ચોક્કસ ઋતુમાં કે કોઈ ચોક્કસ તિથિએ આયોજીત થયો હોય છે ખાસ કરીને, ગ્રામજનો જ્યારે ખેતીકામમાંથી પરવારે છે. ત્યારે, એ નોધપાત્ર છે કે આવા મેળા કોઈ વ્યકિત કે સંસ્થાઓ તરફથી યોજાતા નથી. લોકમેળાઓ તો સ્વયંસ્ફુરિત છે.

લોકમેળા એવું સ્થાન છે જ્યાં કોઈ પણ પ્રકારના ભેદભાવ જોવા મળતા નથી. સહુ ખભેખભા મિલાવી ને કુદરતનો ધર્મનો સાધુસંતોનો મોજમસ્તીનો આનંદ લૂટે છે, લૂટાવે છે. આમ મૂળગત રીતે મેળાઓ ધાર્મિક દેખાતા હોવા છતાંય એનું સામાજિક- સાંસ્કૃતિક આર્થિક મહત્વ અદકેરું છે જ.

એક જ હેતુ સાથે વિભિન્ન કોમોના લોકો અહીં એકઠા થાય છે. સહુ યાત્રિકો પરસારની સાથે ઐક્યનો-અદ્વૈતનો અનુભવ કરે છે વિવિધ બોલી, વિવિધ પહેરવેશ, વિવિધ રસમો અહીં એક સાથે જોવા- જાણવા-માણવા-અનુભવવા મળે છે. મેળામાં સહુથી મહત્વનો પાઠ જે શીખવા મળે છે તે છે સખત જીવનનો અને સ્વસહકારનો, આ રીતે આપણા દેશમાં મેળા જે રીતે ઉજવાય છે. તેથી તે જનસમૂહના સાંસ્કારિક સાંસ્કૃતિક સામાજિક ધાર્મિક જીવંતપણાના પ્રતીક સમાન છે.




Shankus
WATER PARK & RESORT
THEME
WATER PARK +
STAY + FOOD
Enjoy Our Exclusive Offers
For Bookings Contact
+91 9099080030/60
Ahmedabad-Mehsana Highway, Mehsana 384435, Gujarat, India.
www.shankuswaterpark.com
shankuswaterpark

# હું દરેકના શરીરમાં વસું છું, જેને પોતાના પર વિશ્વાસ નથી તેને મારા પર વિશ્વાસ નથી



**નટખટ કૃષ્ણ જન્મોત્સવની સૌને હાર્દિક શુભકામના**

શ્રાવણ મહિનાની આઠમે સમગ્ર વિશ્વમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવે છે. શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન જ લોકોને પ્રેરણા આપનારું છે. હારેલા માણસને ઉભા થઈને લડતા શીખવવા માટે તેમના સ્વમુખે બોલાયેલી ગીતાના અઢાર અધ્યાય જ બસ છે. શ્રીકૃષ્ણએ દરેક માણસને કહ્યું છે કે મમૈં વાંશો જીવ લોકે જીવ ભુનાતન, અર્થાત દુનિયામાં રહેનાર દરેક જીવ મારો અંશ છે, હું દરેકના શરીરમાં વસવાટ કરું છું. કોઈ માણસ સામાન્ય નથી. કારણ કે દરેકના શરીરમાં હું વસું છું. એટલે જ જે લોકો પોતાનામાં વિશ્વાસ નથી રાખતા તેઓ મારા પર વિશ્વાસ નથી રાખતા એવો મતલબ થાય છે.

જ્યારે પણ કોઈ હારીને બેસી જાય છે ત્યારે આપણી પાસે સૌથી મોટી મોટીવેશનલ બુક છે શ્રી ભગવત ગીતા. જેના ૧૮ અધ્યાયમાં એવી એવી બાબતો સમજાવવામાં આવી છે કે બેસેલો માણસ ઉભો થાય, ઉભેલો માણસ દોડતો થાય અને દોડતા માણસને વધારે મજબુત તાકાત મળે છે.

શ્રીકૃષ્ણ દ્વારા શિખવવામાં આવેલી બાબતો આજે પણ યુવાઓ માટે એટલી જ મહત્વપુર્ણ બાબત છે જેટલી અર્જુન માટે હતી. આજે પણ તેમણે આપેલી શિખ સફળતાની ગેરંટી આપે છે. તેમના દરેક બોધપાઠને જો તમે જીંદગીમાં ઉતારશો તો તમને સફળતા જરૂરથી મળશે.

શ્રીકૃષ્ણ દરેક મોર્ચા પર ક્રાંતિકારી વિચારોના ધુની રહ્યાં છે. તેમની સૌથી મોટી ખાસીયત એ રહી કે તેઓ તૈયાર થયેલા રસ્તા પર નહીં પરંતુ પોતાનો અલગ જ રસ્તો બનાવ્યો. દરેક સ્થળ - સમય પ્રમાણે તેમણે પોતાનો રોલ બદલ્યો. એક સારા પુત્ર, મિત્ર અને માર્ગદર્શક પણ બન્યા. ત્યાં સુધી કે શ્રીકૃષ્ણ અર્જુન માટે સારથી પણ બન્યા. જરૂરી એ નથી કે દુનિયા જે રસ્તા પર ચાલે છે તે રસ્તો જ સાચો છે અને તે જ રસ્તા પર આગળ વધી શકાય છે. આપણે અત્યારે એજ વિચારીએ છીએ કે સામેના માણસે ક્યા રસ્તે ચાલીને સફળતા મેળવી છે, આપણે પણ તે જ રસ્તે ચાલીને સફળતા હાંસીલ કરીએ. પરંતુ હંમેશા તેનાથી ઉપર ઉઠીને વિચાર કરીએ કે આપણે નવો બનાવેલો રસ્તો પણ કદાચ બીજા લોકો કરતા સારો અને સત્યની સૌથી નજીકનો હોઈ શકે છે.

આજે પણ સારા અને સાચા દોસ્ત મળવા ખૂબજ જ અઘરા છે. કારણ કે જે તમને તમારા ભલા માટે સારુ કહે છે તે તમને પસંદ નથી હોતા અને જે લોકો માત્ર તમારા મોં પર સારુ સારુ કહે છે તે તમને સારા દોસ્ત લાગે છે. યાદ રાખો કે જે તમને મુશ્કેલીમાં સાથ આપે એ તો દોસ્ત છે જ પરંતુ જે તમારી સારી સ્થિતીમાં પણ તમને સાચા રસ્તા પર ચાલવાની કડવી સુચના આપે તે જ તમારો સૌથી ઉત્તમ દોસ્ત છે. કારણ કે તેને તમારા સુખ અને દુઃખ બંનેની ચિંતા છે. ભગવાન શ્રીકૃષ્ણને પાંડવોનો સાથ દરેક મુશ્કેલીઓમાં આપીને એ સાબિત કર્યું કે સારા અને સાચા દોસ્ત એ જ છે કે જે તમારા સૌથી મુશ્કેલ



સમયમાં તમારો સાથ આપે છે. મિત્રતામાં શરતો ન હોય, એટલે તમારે તમારી આસપાસ એવા જ મિત્રો રાખવા જોઈએ કે જે તમારી મુશ્કેલ પરિસ્થિતીમાં પણ તમારો સાથ આપે. શ્રીકૃષ્ણએ પોતાના જીવનના સૌથી મોટા મિત્ર સુદામાને તમામ વસ્તુઓ વૈભવ આપ્યા, પરંતુ ક્યારેય તેમના પર ઉપકારની ભાવના રાખી નથી.

મહાભારતના સૌથી મોટો યોદ્ધા અર્જુને ન માત્ર પોતાના ગુરુથી શિખ લીધી પરંતુ તે હંમેશા પોતાના અનુભવોથી કંઈકને કંઈક શીખતા રહ્યાં. આ શિખ આજના દરેક વિદ્યાર્થી માટે શિખામણ છે. વિદ્યાર્થીઓએ પોતાના ગુરુ ઉપરાંત પોતાની અસફળતાઓ પાસેથી પણ શિખવું જોઈએ. ગીતામાં ભગવાને વર્ષો પહેલા કહેલું પરંતુ ત્યારબાદ દરેક મહાપુરુષોએ કહ્યું કે માણસે સફળતા કરતા નિષ્ફળતાઓ પાસેથી સૌથી વધારે શિખવું જોઈએ. કારણ કે નિષ્ફળતા તમને સફળ થવાના રસ્તા તરફ લઈ જાય છે. જો પાંડવો પાસે ભગવાન શ્રીકૃષ્ણ ન હોત અને તેમની સ્ટ્રેટેજી પણ ન હોત તો કદાચ જ પાંડવો યુદ્ધ જીતી શકત. એટલે જ દરેક પરીક્ષા પહેલા સ્ટ્રેટેજી બનાવવી ખુબ જ જરૂરી છે. દરેક બાબતોને મેળવવી કે જીતવી સીધા રસ્તાઓથી સરળ નથી. ખાસકરીને જ્યારે તમારા વિરોધીઓ મજબુત સ્થિતિમાં હોય. આવી પરિસ્થિતીમાં તમારી પાસે કુટનિતી સૌથી ઉત્તમ રસ્તો છે. શ્રીકૃષ્ણને સૌથી ઉત્તમ કુટનિતિજ્ઞ માનવામાં આવે છે. આજે પણ મેનેજમેન્ટ ગુરુઓ ભગવાન શ્રીકૃષ્ણને જ સૌથી મોટા મેનેજમેન્ટ ગુરુ માને છે. શ્રીકૃષ્ણનું માનવું હતું કે હંમેશા નિયમો પ્રમાણે જ જીવન જીવો, વ્યર્થ નકામી ચિંતા ન કરો. ભવિષ્યની ચિંતા કર્યા કરતા અત્યારે વર્તમાનમાં જીવો.

## ગોવર્ધન પર્વતઃ બાળકોનું બાળ આંદોલન

શ્રીકૃષ્ણએ પોતાના જીવનમાં ઘણા નવા ચિલા ચાતર્યા છે. જેમાં નાનપણમાં જ એક બાળ આંદોલન કરેલું, જેને લોકો ગોવર્ધન પર્વતથી ઓળખે છે. એક દિવસ બાળ ગોપાળ તમામ સખાઓ સાથે રમતા હતા. તે દમિયાન તેમણે જોયું કે લોકો ઇન્દ્ર અને દેવતાઓની પુજા કરવા માટે પદ્ ભોગ લઇને બેઠા હતા. શ્રી કૃષ્ણ ત્યાં પંહોચે છે અને લોકોને સમજાવે છે કે તમે ઇન્દ્રની શા માટે પુજા કરો છો જ્યારે કે તમારી નજીક રહેલા ગોવર્ધન પર્વતને કારણે વરસાદ આવે અને તેનાથી લોકોને ફાયદો થાય છે. લોકોએ કૃષ્ણની વાત માની અને ગોવર્ધનની પુજા શરુ કરી. આ જોઇને ઇન્દ્ર દેવતા ક્રોધે ભરાયા અને તેમનો ગુસ્સો વ્રજ વાસીઓ પર ઉતર્યો.

ગુસ્સમાં આવીને ઇન્દ્રએ મેઘાને આદેશ કર્યો કે તે વ્રજમાં જઇને એટલો વરસે કે લોકોને તેમની ભુલનો અહેસાસ થાય. વ્રજમાં ખુબ જ વરસાદ પડ્યો. લોકોના ઘરો ડુબવા માંડ્યા, લોકોએ કૃષ્ણને કહ્યું કે આપણે વરુણ દેવતાને ગુસ્સો અપાવ્યો છે તેથી આ વરસાદ આવ્યો છે. જેથી કૃષ્ણએ તમામ લોકોને ગોવર્ધન પર્વત પાસે જવા કહ્યું. ભગવાને પોતાની ટચલી આંગળીથી પર્વત ઉઠાવ્યો અને જાણે કે પર્વત છત્રી જેવો થઇ ગયો. લોકો આ ચમત્કાર જોઇને અવાક્ક થઇ ગયા. ત્યારથી ભક્તો ગોવર્ધનની પુજા કરે છે. બાળગોપાલોનું એક સાહસે લોકોને નવો રસ્તો બતાવ્યો અને પ્રકૃતિની પુજાનો મેસેજ પણ આપ્યો.



## ક્રિષ્ણનું મેનેજમેન્ટ

## ક્વોટ ઓફ શ્રીકૃષ્ણ

- કર્મનું ફળ વ્યક્તિને એવી જ રીતે શોધી લે છે, જેવી રીતે એક વાછરડુ હજારોની સંખ્યામાં ઉભેલી ગાયોની વચ્ચે પોતાની માતાને શોધી લે છે.
- આત્મા ક્યારેય જન્મ લેતી નથી કે નથી ક્યારેય મરતી, તેને ક્યારેય સળગાવી શકાતી પણ નથી અને પાણીથી પલાળી શકાતી નથી. આત્મા અમર છે અને અવિનાશી છે.
- હું કોઇના ભાગ્યનું નિર્માણ નથી કરતો અને ના તો કોઇના કર્મનું ફળ આપું છું.
- વ્યક્તિ અથવા જીવનું કર્મ જ તેના ભાગ્યનું નિર્માણ કરે છે.
- આત્મા જુના શરીરને એવી રીતે છોડી દે છે કે જેમ મનુષ્ય જુના કપડાને ફેંકીને નવા કપડા પહેરે છે.
- આ સંસારમાં કોઇ જ વસ્તુ કાયમી નથી
- મન શરીરનો ભાગ છે, સુખ દુઃખનો અનુભવ કરવો એ આત્માનું નહીં પરંતુ શરીરનું કામ છે.
- માન, અપમાન, લાભ-હાની ખુશ થવું કે દુખી થવું આ તમમ બાબતો મનની શરારત છે.
- અત્યારની સ્થિતીમાં જે તમારુ કર્તવ્ય છે એ જ તમારો ધર્મ છે.
- હું ઉષ્મા આપું છું, હું વરસાદ આપું છું અને રોકું પણ છું. હું જ અમરત્વ છું અને મૃત્યુ પણ હું જ છું.
- મારા પણ ઘણા જન્મ થઇ ચુક્યાં છે, તમારા પણ ઘણા જન્મ થઇ ચુક્યાં છે. ના તો આ મારો છેલ્લો જન્મ છે અને ના આ તમારો પણ છેલ્લો જન્મ છે.
- મોહિત થઇને પોતાના કર્તવ્ય પથ પરથી હટી જવું મુર્ખતા છે. કારણ કે તેનાથી ના તમને સ્વર્ગની પ્રાપ્તી થશે અને ના તો તમારા જીંદગીમાં કિર્તિ વધશે.
- ધર્મ યુદ્ધમાં કોઇપણ વ્યક્તિ ક્યારેય નિષ્પક્ષ ન રહી શકે. ધર્મ યુદ્ધમાં જે વ્યક્તિ ધર્મની સાથે નથી ઉભો મતલબ કે તે અધર્મ સાથે ઉભો છે, અધર્મનો સાથ આપી રહ્યો છે.
- ભગવાન દરેક વસ્તુમાં અને જીવમાત્રમાં વસે છે.
- મને જાણવા માટે કેવળ એકમાત્ર રસ્તો છે અને તે છે ભક્તિનો, મને બુદ્ધીથી કોઇ જ જાણી શક્યું નથી અને ના તો સમજી શક્યું છે.
- આત્માનું છેલ્લું ધ્યેય હોય છે પરમાત્મા સાથે મળી જવું.
- હું દરેક વ્યક્તિના ભુતકાળ, ભવિષ્યકાળ વિશે જાણું છું પરંતુ મને કોઇ જ જાણી શકતું નથી.
- જે મને જે રીતે પુજે છે તેઓને હું તે જ રીતે ફળ આપું છે.
- જન્મ લેનારા વ્યક્તિનું મૃત્યુ નક્કી છે, તેવી જ રીતે મૃત્યુ પામેલા લોકોનો પણ જન્મ નિશ્ચીત છે.

RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open PageThe Open Page: 23, Suryakunj Society, Nr. Nutan School, Prabhat Chowk, Ghatlodia Ahmedabad - 380061 | Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210